# નવી આઈ.ટી. પોલિસીથી આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર થશે : મુખ્યમંત્રી

**નવી પોલિસી પાંચ વર્ષ ૨૦૨૭ સુધી અમલમાં રહેશે : નવી ૧ લાખ રોજગારીનું સર્જન થશે : બેરોજગારી સે મુક્ત રોજગારી સે યુક્તનું સ્વપ્ન સાકાર થશે : વાર્ષિક આઈ.ટી. નિકાસ ૩ હજાર કરોડથી વધારીને ૨૫ હજાર કરોડ લઈ જવાનો લક્ષ્ય**




## આઈ.ટી પોલિસીની વિશેષતાઓ

- હાઈ સ્કીલ્ડ ઉદ્યોગો માટે IT ટેલેન્ટ પૂલ બનાવાશે
- રાજ્યમાં એક સુદ્રઢ કલાઉડ ઈકોસિસ્ટમ સ્થાપિત કરીને આર્ટિફિશયલ ઈન્ટેલીજન્સ-મશીન લર્નીંગ-ક્વોન્ટમ કોમ્પ્યુટીંગ-બ્લોકચેન જેવી નવી ઉભરતી ટેક્નોલોજીમાં રિસર્ચ-ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાનો ધ્યેય
- સમગ્ર દેશમાં પ્રથમવાર ગુજરાતની IT પોલિસીમાં CAPEX-OPEX કેપિટલ એક્સપેન્ડીચર-ઓપરેશનલ એક્સપેન્ડીચર મોડલનો યુનિક કોન્સેપ્ટ
- ઈન્ફરમેશન ટેક્નોલોજી ઉદ્યોગો માટે તૈયાર કુશળ પ્રતિભાઓના અગ્રણી સ્રોત બનવા રાજ્યમાં આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ સ્કૂલ-આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરાશે
- IT સેક્ટરમાં ગુજરાતની વાર્ષિક આઈટી નિકાસ ૩ હજાર કરોડથી વધારીને ૨૫ હજાર કરોડ સુધી લઈ જવાનો લક્ષ્ય
- તમામ પાત્ર IT-ITeS એકમોને ૧૦૦ ટકા ઈલેકટ્રીસિટી ડ્યુટીનું વળતર અપાશે
- નવી પોલિસી દ્વારા આઈ.ટી ઈકોસિસ્ટમ માટે ગુજરાતને ડેસ્ટિનેશન ઓફ ચોઈસ બનાવાશે

ગાંધીનગર, તા. ૮ ગુજરાતની નવી પોલીસી જાહેર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે નવી પોલિસી આઈ.ટી. ક્ષેત્રે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનું વિઝન સાકાર કરશે. આ નવી પોલિસી પાંચ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. ટેકનોલોજી વિશ્વમાં તમામ ક્ષેત્રે ક્રાંતિ લાવી રહી છે. નવી પોલિસીના આધારે પ્રધાનમંત્રીનું ''બેરોજગારી સે મુક્ત-રોજગારી સે યુક્ત'' સપનું સાકાર થશે. ક્ષેત્રે નવી ૧ લાખથી વધુ રોજગારીનું સર્જન કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. હાઈ સ્કીલ્ડ ઉદ્યોગ માટે ટેલેન્ટ પૂલ બનાવવા તેમજ અદ્યતન આઈ.ટી. ઈકોસિસ્ટમ પ્રદાન કરવાનો નવી પોલિસીનો મુખ્ય હેતુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં આઈટી સેક્ટરમાં ઝડપી અને સર્વસમાવેશક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા સાથે નવી ગુજરાત અને પોલિસીની જાહેરાત કરી છે. આ નવી પોલિસી પાંચ વર્ષ એટલે કે ૨૦૨૨ થી ૨૦૨૭ સુધી અમલમાં રહેશે.



શિયાળો ધીમે ધીમે વિદાય લઈ રહ્યો છે. વસંતનું આગમન થયુ છે. પ્રકૃતિ પર ઋતુ પરિવર્તનની અસર જોવા મળી રહી છે. વૃક્ષો જૂના પાંદડાઓ ખેરવીને નવા પાંદડાઓ, નવી કૂંપળોને આવકારવા જાણે સજ્જ બન્યા છે. ગાંધીનગર વૃક્ષો મામલે સમૃદ્ધ છે. વૃક્ષો હમણાં પાંદડાઓ ખેરવી રહ્યા હોવાથી શહેરના માર્ગો પર જાણે પીળાં પાંદડાઓની ચાદર પથરાઈ ગઈ છે. પાંદડાઓના કારણે રસ્તાની જાણે આખી રોનક બદલાઈ ગઈ છે.

# ફેબ્રુઆરીના અંતમાં ગરમીનો પારો ૩૪ ડીગ્રી પહોંચશે

**આગામી તા ૧૯ ફેબ્રુઆરી સુધી સવારે અને રાત્રિના ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાશે : મહીનાના અંતમાં ગરમીનો પારો ઉંચકાશે : માર્ચ મહીનામાં મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીની આસપાસ પહોંચી જશે**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરાઓ માટે આ વર્ષે શિયાળો અત્યંત આકરો પુરવાર થયો છે. સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડુ શહેર બની રહેતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા ઠંડીનો મિજાજ સતત ઉગ્ર રહેતા લઘુત્તમ તાપમાન પણ સિંગલ ડીઝીટમાં જ રહેતા શહેરીજનો ઠંડીથી તોબા પોકારી ગયા છે. જો કે ધીમે ધીમે હવે ઠંડીનુ જોર ઘટતા શહેરીજનો રાહત અનુભવી રહ્યા છે. નગરજનોને ટુંકમાં જ ઠંડીથી છુટકારો મળશે. આગામી તા ૧૯ ફેબ્રુઆરી સુધી વાતાવરણમાં ગુલાબી ઠંડી રહેશે. ત્યારબાદ મહીનાના અંતમાં ગરમીનો પારો ધીમે ધીમે ઉચકાશે. ફેબ્રુઆરીના અંત સુધીમાં ગરમીનો પારો ૩૪ ડીગ્રી સુધી પહોંચી જશે જયારે માર્ચમાં મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીની પાર થઈ જશે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ આગામી દિવસોમાં હવે અકળાવનારો તાપ પડશે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હીમવર્ષાના દૌરથી કાતિલ ઠંડી પડી હતી. હજુ પણ સવારના ભાગોમાં ઠંડીનો અહેસાસ થાય છે. આમછતા આગામી ફેબ્રુઆરીના દિવસોમાં અકળાવનારો તાપ પડવાની સંભાવના છે. પાપ ગ્રહોના સંયોગથી ફેબ્રુઆરીના અંત ભાગમાં તાપ પડશે. ફેબ્રુઆર તા ૮ થી હવામાનમાં પલ્ટો આવશે. સાગર કાંઠે વાદળોનો ઘેરાવ જોવા મળશે. તા ૧૦ થી ૧૨ માં પણ વાતાવરણમાં પલ્ટો જોવા મળશે. રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે ભાગોમાં વાદળો જણાંશે. ફેબ્રુઆરી તા ૧૫ થી ૧૮ માં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં કમોસમી વરસાદ કરા પડવાની સંભાવના છે. જેની અસરથી ગુજરાતમાં વિવિધ ભાગોમાં આવતા અરસામાં હવામાન પલ્ટો જોવા મળશે. તા ૨૨ સુધીમાં રાજયના કોઈ કોઈ ભાગોમાં સામાન્ય માવઠુ થવાની સંભાવના છે. પવનનુ જોર રહેશે. સાગરમાં ઉંચા મોજા ઉછળશે. ૨૦૨૨ ની તા ૫ માર્ચથી અકળાવનારી ગરમીનો દૌર ધીરે ધીરે શરૂ થઈ જશે. ફેબ્રુઆરી મહીનાના અંત ભાગમાં જોઈએ તો, તા ૧૯ થી ગરમીનો પારો ઉંચો ચઢશે. કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૩૪ ડીગ્રી સુધી પહોંચી જશે. મધ્ય ગુજરાતના ભાગોમાં ગરમી રહેશે. અમદાવાદ ગાંધીનગરમાં પણ ગરમી વધશે. વિષમ હવામાનની વિપરિત અસર જોવા મળશે. આ અરસામાં હવામાન પણ કથળતુ જાય તેના લીધે મિશ્ર ઋતુ જોવા મળશે.

# શહેરમાં ૩૦ દિવસ બાદ ૧૦૦થી નીચે કેસ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં કોરોનાની ગતિ ધીમી પડી છે અને ૩૦ દિવસ બાદ કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦થી નીચે નોંધાઈ છે. શહેરમાં આજે કોરોનાના નવા ૯૪ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૯૩૦૦ને પાર થઈ છે.

શહેરમાં કોરોનાના કેસોની વધ-ઘટ વચ્ચે આજે તેની ગતિ અત્યંત ધીમી પડતાં તંત્રએ પણ રાહત અનુભવી છે. શહેરમાં કોરોનાની સ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી રહી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩૫ મહિલા દર્દી છે. ૧૬ દર્દીઓ ૬૦ કે તેથી વધુ વયના છે જ્યારે ૮ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે.

શહેરમાં મહિલાઓ, વયસ્કો અને બાળ દર્દીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે.

શહેરમાં આજે ૧૦ કે તેથી ઓછી વયના પાંચ દર્દીઓ નોંધાયા છે. રાયસણમાં આજે બે બાળ દર્દી નોંધાયા છે.

રાયસણમાં ૯ વર્ષની દિકરી અને ૯ વર્ષનો દિકરો, સે. ૨૧ માં ૨ વર્ષનો દિકરો, સરગાસણમાં ૮ વર્ષનો દિકરો તેમજ રાંદેસણમાં ૭ વર્ષનો દિકરો સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં આજે ગ્રામ્ય વિસ્તારમાં સરગાસણમાં ૧૨, કુડાસણમાં ૧૯, પાલજમાં ૭, રાંદેસણમાં ૬ કેસ નોંધાયા છે.

પેથાપુરમાં ૪, ઈન્ફોસીટીમાં ૨, રાયસણમાં ૨, કોલવડા, અંબાપુર, સુઘડમાં ૧-૧ કેસ નોંધાયા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૮ માં ૭ કેસ, સે. ૩૦, સે. ૨ માં ૫-૫ કેસ તો સે. ૩ માં ૪ કેસ નોંધાયા છે.

સે. ૨૧, ૭, ૧, ૧૫, ૨૬ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૦, ૬, ૧૩, ૨૭, ૨૩, ૫ અને સે. ૨૨ માંથી પણ કેસ મળ્યા છે.

શહેરમાં આજે ૨૨૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. શહેરનો રિકવરી રેટ ૮૨ ટકાથી ઉપર નોંધાયો છે.

શહેરમાં આજે ૧૩૫૦થી વધુ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

# કોલવડા ઝુંપડાવાસીઓના આવાસમાં હજુ ૮૨ આવાસા કબજા વિહોણાં

**અગાઉ આવાસ ફાળવવા પ્રક્રીયા હાથ ધરાઇ હતી પરંતુ ૨૬ લાભાર્થીઓએ કબજો લીધો ન હતો**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં ખુલ્લામાં રહેતા શ્રમિકોને આવાસ ફાળવવા માટે કોલવડા નજીક ઝુંપડાવાસીઓ માટે નવા આવાસો તૈયાર કરવામાં આવ્યા હતા જયારે કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા આ મકાનો તબક્કવાર લાભાર્થીઓને ફાળવી દેવાયા હતા પરંતુ હજુ વર્ષોના અંતે પણ આ યોજના અન્વયે ૮૨ જેટલા મકાનો બિન ઉપયોગી છે. અલબત્ત કોઈ લાભાર્થીઓને ફાળવવામાં આવ્યા નથી અગાઉ ઉપયોગના અભાવે ખંડેર બનતા આવાસો ફાળવવા માટે પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ દરમિયાન પણ ૨૬ લાભાર્થીઓએ આવાસનો કબજો ન લીધો હતો.

ગાંધીનગરમાં ઝુંપડાવાસીઓને ધ્યાનમાં રાખીને નવા મકાનો બાંધવામાં આવ્યા હતા. ખુલ્લામાં રહેતા શ્રમિકોને માથે પાકી છત મળે તે માટે કોલવડા નજીક આવાસ યોજના તૈયાર કરવામાં આવી હતી. આ યોજના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો હતો. અંદાજિત ૮૦૦ જેટલા નાના મકાનો તૈયાર કરાયા છે. પરંતુ વર્ષોના અંતે પણ આ આવાસ યોજના અન્વયે પુરતા લાભાર્થીઓને સમાવી શકાયા નથી. અગાઉ ઘણાં સમયથી ખાલી પડેલા આવાસોની દશા ખરાબ થતા તંત્ર કક્ષાએથી રીપેરીંગ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે અન્ડર પાસના મામલે દબાણો દુર થયા બાદ પણ કેટલાક લાભાર્થીઓએ આ આવાસોમાં પોતાનો કબજો લઈ વસવાટ કરવાનુ શરૂ કર્યુ હતુ.

જયારે અગાઉ ફાળવણી થઈ ત્યારે પણ ૧૨૬ મકાનોની ફાળવણી કરવામાં આવી હતી. અંદાજિત ૨૬ લાભાર્થીઓએ આવાસનો કબજો લીધો ન હતો. જયારે હજુ પણ ૫૬ આવાસો ફાળવવાની પ્રક્રીયા હજુ બાકી છે. આમ કુલ ૮૨ જેટલા મકાનો કબજા વિહોણાં છે. જેના લીધે આવાસ યોજનામાં ખાલી મકાનોની સંખ્યા વધુ છે. જિલ્લા કલેકટર કક્ષાએથી આવાસોની ફાળવણી કરવામાં આવે છે. આવા સંજોગોમાં લાંબા સમયથી આવાસોની ફાળવણીની પ્રક્રીયા અટવાતા કોલવડા સ્થિત આવાસ યોજનામાં હજુ પણ ઘણાં મકાનો ખાલી હાલતમાં છે. જયારે ઉપયોગ વિના આ આવાસો ફરી એકવાર ખંડેર બનવા તરફ છે.


## શ્રદ્ધાંજલિ - બેસણું



**સ્વ. વિરેન રમેશભાઈ પ્રજાપતિ**

(ભાણાભાઈ - ગાયક કલાકાર)

સ્વ. તા. ૫-૨-૨૦૨૨

મારા પુત્ર સ્વ. વિરેન રમેશભાઈ (ભાણાભાઈ) પ્રજાપતિનું તા. ૫-૨-૨૦૨૨ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૧૦-૨-૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : હનુમાનજીની વાડી, ચંદ્રીકા માતાનું મંદિર, પેથાપુર બસ સ્ટેન્ડ પાસે, ગામ-પેથાપુર, તા.જી. ગાંધીનગર

ધનાભાઈ ચીમનભાઈ પ્રજાપતિ (દાદા)
(ઉવારસદવાળા, હાલ પેથાપુર)
બળદેવભાઈ ચીમનભાઈ પ્રજાપતિ (દાદા)
રમેશભાઈ ધનાભાઈ પ્રજાપતિ (પિતા)
(ગાયક કલાકાર - ભાણાભાઈ)
મો. ૯૮૨૪૬ ૪૭૪૫૧
કનુભાઈ ધનાભાઈ પ્રજાપતિ (કાકા)
સંદીપભાઈ ધનાભાઈ પ્રજાપતિ (કાકા)
મો. ૯૭૨૩૬ ૭૩૯૧૮
રાજુભાઈ બળદેવભાઈ પ્રજાપતિ (કાકા)
મો. ૯૧૭૩૧ ૨૫૪૯૭
ભાવેશભાઈ બળદેવભાઈ પ્રજાપતિ (કાકા)
ક્રિશ રમેશભાઈ પ્રજાપતિ (ભાઈ)
મિત સંદીપભાઈ પ્રજાપતિ (ભાઈ)




ઋતુઓનો રાજ એટલે વસંતઋતુ. વસંતના વધામણા આંબે આવેલો કેરીનો મોર દ્વારા ઋતુ પણ ખીલેલી દેખાઈ રહી છે. આંબાના વૃક્ષને જાણે કેરીના મોરે સંપૂર્ણ ઘેરી લીધો હોય તેવું દેખાય છે. લીલાછમ્મ પાંદડાઓ કરતા માત્ર આંબા પર કેરીનો મોર હાઈલાઈટ થઈ રહ્યો છે.

# ન્યુ ગાંધીનગરમાં ૧૩ કરોડના ખર્ચે નવા ૧૧ ઉદ્યાનોનુ નિર્માણ કરાશે

**ગુડા દ્વારા અગાઉ ૬ બગીચાઓનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ : રમત ગમતની વૃતિ પ્રવૃતિને પ્રોત્સાહન પુરુ પાડવા માટે પણ સરગાસણના પ્લોટમાં બાંધકામ માટે મંજુરી હવે ડીઝાઇન તૈયાર કરાશે**

ગાંધીનગર તા ૮

ન્યુ ગાંધીનગરમાં પણ શહેરની જેમ ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવામાં આવી રહ્યો છે. ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં નવા ૧૧ બગીચાઓ તૈયાર કરાશે જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૩.૫૦ કરોડનો ખર્ચ કરાશે. નવા ગાંધીનગરમાં કુલ ૧૭ બગીચા થશે.ગુડા દ્વારા ઉદ્યાન નિર્માણની યોજના પુર્વે જ નવા ૬ બગીચા તૈયાર કરવામાં આવ્યા હતા. જયારે આગામી દિવસોમાં વિવિધ ડીઝાઈનને અનુલક્ષી બગીચાઓ બનાવાનો નિર્ણય અગાઉ બોર્ડ બેઠક દરમિયાન લેવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર કુડાસણ, સરગાસણ,અને ધોળાકુવા, વિસ્તારને સમાવતી નગર રચના યોજના નંબર ૬માં સરગાસણ , કુડાસણ અને પોર વિસ્તારને સમાવતી ટી પી સ્કીમ નં ૭ માં વાસણા હડમતિયા સરગાસણ, ઉવારસદ અને તારાપુર વિસ્તારને સમાવતી ટી પી સ્કીમ નં-૯માં અને વાવોલ વિસ્તારની ટી પી સ્કીમ નં ૧૩ માં મળીને ૧૩ નવા બગીચા બનાવાની યોજનાને મંજુરી આપવામાં આવી છે. જેનો અંદાજિત ખર્ચ રૂ ૧૩.૫૦ કરોડ થશે. મોટાભાગના બગીચા માટે ડીઝાઈન પણ તૈયાર કરી દેવામાં આવી છે. ગુડા દ્વારા ટી પી સ્કીમ નં -૧૯ એટલે કે રાયસણ, રાંદેસણ, કોબાના વિસ્તારમાં પારિજાત વાટીકા નામે ગાર્ડન તથા વાસણા હડમતિયા અને સરગાસણને સમાવતી ટી પી સ્કીમ નં -૯ માં કુડાસણ સમાવિષ્ટ ટી પી સ્કીમ નં -૬, ટી પી સ્કીમ નં ૮ સરગાસણ વિસ્તારમાં ટી પી સ્કીમ નં -૧૩ વાવોલ વિસ્તારમાં અને ટી પી સ્કીમ નં -૧૯ માં રાયસણ વિસ્તારમાં કુલ મળીને ૬ બગીચા રૂ ૬૪૮ લાખના ખર્ચે વિકસવામાં આવ્યા છે.

સરગાસણ, કુડાસણ, ધોળાકુવા , પોર , ઉવારસદ તારાપુર અને વાસણાા હડમતિયા ઉપરાંત વાવોલ વિસ્તારને સમાવતા ન્યુ ગાંધીનગરમાં રહેતા વસાહતીઓ માટે જાહેર સુવિધાઓ ઉભી કરવાના કામ આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે. તેમજ પણ ગુડાના ચેરમેન ડો ધવલ પટેલે જણાંવ્યુ છે. નવા વિસ્તારમાં રમત ગમતની વૃતિ પ્રવૃતિને પ્રોત્સાહીત કરવા માટે સરગાસણ સ્થિત ફાઈનલ પ્લોટ નં -૧૫૪માં તેનુ બાંધકામ કરવાની સૈધ્ધાંતિક મંજુરી આપવામા આવી છે. ગુડાની બોર્ડ બેઠકમાં આ મંજુરી આપી દેવાતા હવે તેની ડીઝાઈન પણ તૈયાર કરાશે.

# ગ્રામ્યમાં નવા ૩૦ કેસ : ૬૫ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સત બીજે દિવસે કોરોનાના નવા ૩૦ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો ચાર હજાર નજીક પહોંચવા આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની વધ-ઘટે તંત્રની ચિંતા વધારી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૭ મહિલા દર્દી છે. નવ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. પાંચ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે. જ્યારે ૮ વિદ્યાર્થીઓ અને એક સરકારી કર્મચારી પણ સંક્રમિતોની યાદીમાં છે.

ગિફટસીટીમાં આજે એક વર્ષની દિકરી સંક્રમિત થઈ છે. નાના બાળકો આ વખતે વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૪, ગાંધીનગરમાં ૧૨, કલોલ અને માણસામાં ૭-૭ કેસનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકાના ઝાલાના મુવાડા, નાની મોરાલી, વડોદ અને સસ્કીમાંથી કેસો મળ્યા છે. દહેગામમાં અંતરિયાળ ગામોમાંથી કેસો મળતાં તંત્ર ચિંતાતુર થયુ છે.

ગાંધીનગર તાલુકામાં ગિફટીસીટીમાંથી આજે બે દર્દી નોંધાયા છે જેમાં એક વર્ષની દિકરીનો સમાવેશ થાય છે. દંતાલીમાંથી ૨ અને અડાલજમાંથી ૬ કેસ ઉપરાંત શેરથા અને ઉવારસદમાંથી પણ કેસ મળ્યા છે.

કલોલ તાલુકામાં કલોલ શહેરમાંથી ૪ ઉપરાંત બોરીસણા, છત્રાલ અને રાંચરડામાંથી કેસ મળ્યા છે.

**ગિફ્ટસીટી વિસ્તારમાં ૧ વર્ષની દિકરી સંક્રમિત થઈ : દહેગામ-૪, કલોલ-માણસામાં ૭-૭ અને ગાંધીનગરમાં ૧૨ કેસ**

માણસા તાલુકામાં આજોલ અને રિદ્રોલમાં બે-બે કેસ તેમજ ખડાત, અનોડિયા અને માણસા શહેરમાંથી એક-એક કેસ મળ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૫ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૫૨૪૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે છસ્સોથી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com